કાર્યની વિપુલતા, માણસને મારતી નથી પણ તે કરવાની ચિંતાનો બોજ માણસને થકવી મારે છે
- બિચર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૧ | ૨૨ માર્ચ, ૨૦૧૩, શુક્રવાર; ફાગણ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લાના ૧૪૮ ગામોમાં પીવાના પાણીની ગુણવત્તા સામે પ્રશ્નાર્થ

## તંત્રને તાકીદે નર્મદાનું પાણી આપવા કડક સુચના

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાના ૧૪૮ ગામોના પેયજળની ગુણવત્તા સામે ગંભીર પ્રશ્નાર્થો ઉભા થતાં જિલ્લા તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. જિલ્લાના ૧૪૮ ગામોના પીવાના પાણીના નમૂના ચકાસણી દરમ્યાન પીવાલાયક નહિ હોવાનું તારણ બહાર આવતાં તંત્ર એકદમ હરકતમાં આવી જવા પામ્યું છે.

મળતી વિગતો પ્રમાણે પાણી પુરવઠા વિભાગ દ્વારા ચોમાસાની સિઝન બાદ જિલ્લાના ૧૮૮ જેટલા ટ્યુબવેલોમાંથી પાણીના નમૂના મેળવી ચકાસણી હાથ ધરવામાં આવી હતી. આ પૈકી ૧૫૦ જેટલા નમૂનાઓની ચકાસણીમાં નાઈટ્રેટનું પ્રમાણ સૌથી વધુ જણાતાં તે પીવાલાયક નહિ હોવાનું તારણ નીકળ્યું છે અને આ અંગેની જાણ જિલ્લા તંત્રને કરી દેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે જે પાણીની ગુણવત્તા સામે પ્રશ્નાર્થો ઉભા થયા છે તેવા ગામોમાં એક વિશેષ લોક-જાગૃતિ અભિયાન હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે તેમજ જિલ્લાના આ ગામોને નર્મદાનું પાણી આપવા માટેની જરૂરી કાર્યવાહી તાકીદે હાથ ધરવા માટેની કાર્યયોજના તૈયાર કરી રજુ કરવા માટે પણ જણાવવામાં આવ્યું છે.

**કલોલના ૨૨, માણસાના ૨૮, દહેગામના ૫૦, ગાંધીનગરના ૫૦ ગામોમાં પ્રશ્નાર્થ**

જે ૧૫૦ ટ્યુબવેલોના નમુનાની ગુણવત્તા ચકાસણી સામે પ્રશ્નાર્થો ઉભા થયા છે તે જિલ્લાના ૧૪૮ જેટલા ગામના થાય છે.

મળતી વિગતો પ્રમાણે આ ગામોને તાત્કાલિક અસરથી નર્મદાનું પાણી આપવા તેમજ તે માટે જરૂર પડ્યે મહેસુલીતંત્રને સાથે રાખી આગળ વધવા માટેની કડક તાકીદ કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લાના જે પાણીના નમુનામાં પાણીની ગુણવત્તા જણાઈ નથી તેવા ૧૪૮ જેટલા ગામ હોવાનું જણાતાં તંત્રએ હવે આ દિશામાં એકદમ ગંભીર બની અને આ ગામોને પેયજળમાં નર્મદાનું પાણી આપવાનો નિર્ણય લીધો છે.

તાજેતરમાં ઉચ્ચકક્ષાએ મળેલ બેઠકમાં પણ આ મુદ્દે ખુબજ વિસ્તૃત ચર્ચાઓ પણ થઈ હતી અને એક જ સપ્તાહમાં આ અંગેની કાર્યયોજના તૈયાર કરી રજુ કરવા માટે તંત્રને તાકીદ કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લાના જે ૧૪૮ ગામોમાં પીવાના પાણીની ગુણવત્તા સામે પ્રશ્નાર્થ ઉભો થયો છે તેમાં જિલ્લાના ચારેય તાલુકાના ગ્રામ્ય વિસ્તારનો સમાવેશ થાય છે. જેમાં સૌથી વધુ ગામ ગાંધીનગર દહેગામ અને માણસાના હોવાનું જણાયું છે.

તંત્ર દ્વારા હાલ જે ગામોમાં નર્મદાનું પાણી અપાય છે તેવા ગામોના જળસ્ત્રોતોની ચકાસણી અંગેના અહેવાલ સાથે પેયજળની ગુણવત્તા સુધારણા માટેના પગલાંઓ અંગે કાર્યયોજનામાં સમાવેશ કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં લોકો સ્થાનિક સ્ત્રોતમાંથી જ પાણીનો પુરવઠો મેળવવાનો આગ્રહ રાખી રહ્યા છે એટલે તંત્ર પણ યોજનાઓ બનાવાયા બાદ અમલીકરણને લઈ મુંઝવણનો સામનો કરી રહેલ છે. ગાંધીનગર જિલ્લામાં આમ તો ૧૮૧ ગામોમાં પીવાના પાણીની ગુણવત્તા સામે પ્રશ્નાર્થો હતા. હવે આ ગામોની સંખ્યા ઘટીને ૧૪૮ પર પહોંચી છે.

(અનુસંધાન પાના નં. ૭ પર)

# દહેગામમાં સ્વાઈન ફ્લુનો કેસ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાંથી આજે પણ વધુ એક કેસ સ્વાઈન ફ્લુનો મળી આવ્યો છે. આજે નોંધાયેલો કેસ દહેગામ તાલુકાનો છે અને આ દર્દીને સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લામાં આજે મળેલા કેસની સાથે હવે આ રોગના કેસોની સંખ્યા ૨૫ પર પહોંચી છે. મળતી વિગતો પ્રમાણે નવ દર્દીઓ હજુ સારવાર હેઠળ છે અને તેમની તબિયતમાં સુધારો થઈ રહ્યો છે. ૧૧ દર્દીઓ સંપૂર્ણ સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

(અનુસંધાન પાના નં. ૭ પર)



નગરનું પ્રાકૃતિક સૌંદર્ય - ગાંધીનગર પ્રકૃતિની ગોદમાં ઉછરી રહ્યું છે. પ્રકૃતિનો વૈભવ અને સાંસ્કૃતિક અભિવ્યકિતના સુમેળ વચ્ચે આપણું પાટનગર મહોરી ઉઠયું છે. નગરના રાજમાર્ગ સમા ‘ચ’ માર્ગ પર બે ઘડી ઉભા રહી અને નિરખવાનું મન થઈ જાય એવા સુંદર ફુલો ખીલ્યાં છે. જીવનની વ્યસ્તતાઓ વચ્ચે પણ બે ઘડી ઉભા રહી પ્રકૃતિના વૈભવને માણવાની ક્ષણો ઝડપી લેજો. **(તસવીર : દિપક જાની)**





